હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન આ કાબૂલી ચણાની પાણીપુરી ખાઈ લો.... પછી તો તાલીબાની ચણા જ આવવાના !!

શહેરમાં વૃક્ષોના વાવેતર કર્યા બાદ મહાનગરપાલિકા દ્વારા તાર ફેન્સીંગ પણ કરાશે

ગાંધીનગર, તા. ૧૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહે ગાંધીનગર સંસદીય મત વિસ્તારને હરિયાળુ બનાવવાનું અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનને સાર્થક કરવા જિલ્લા વહીવટીતંત્રને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ દ્વારા ખાસ સૂચન કરવામાં આવ્યું છે કે વિકાસ કામો સાથે સાથે વૃક્ષો ઓછા કપાય તેની ખાસ તકેદારી રાખવી. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર શહેરમાં વિકાસ કામો સાથે સાથે વર્ષો જૂના વૃક્ષોને સ્થાનાતરિત કરવા અને વૃક્ષનું વાવેતર - જતન કરવાના સુચારૂ આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેર વિસ્તારમાં અનેક વિકાસના કામો ચાલી રહ્યા છે. વિકાસ કામો સાથે સાથે વિકાસ કામો વચ્ચે આવતાં વૃક્ષો કેમ ઓછા કાપવા પડે તે માટેનું સુચારૂ આયોજન કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં ઉપસ્થિત વિવિધ કચેરીઓના અધિકારીઓ અને વિકાસકામોના કોન્ટ્રાકટ લેનાર એજન્સીના પ્રતિનિધિઓ સાથે એક

બાદ એક વિકાસ કામોના આયોજનમાં કેટલા વૃક્ષો કાપવા પડે છે. તેની આંકડાકીય વિગતો મેળવી હતી. આ વિકાસ કામોમાં કેવી રીતે વધુમાં વધુ વૃક્ષોને બચાવી શકાય તે અંગેની ચર્ચા-વિર્મશ કર્યો હતો.

તેમણે તમામ એજન્સી અને અધિકારીઓને વિકાસ કામો દરમિયાન વર્ષો જૂના વૃક્ષોનું જતન થાય તે માટે વન વિભાગના સહયોગથી વૃક્ષોને સ્થાનાતરિત કરવા માટે સૂચના આપી હતી. તેમજ જેટલી સંખ્યામાં ના છૂટકે વૃક્ષોની કાપણી કરવી પડે છે, તેવા વૃક્ષો સામે એજન્સીને તેના વધુ વૃક્ષોનું વાવેતર કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

કલેકટરે વૃક્ષોનો વાવેતર કરવા ખાતર નહિ, પણ ત્રણથી ચાર વર્ષ સુધી વૃક્ષોનું જતન થાય તે માટે તેને નિયમિત પાણી આપવા, ઉધઇ ન ખાઇ જાય તે માટે ઉધઇની દવા નાખવા, ખાતર અને અન્ય રીતે માવજત કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે વૃક્ષોને સાર સંભાળ યોગ્ય રીતે થાય તેમજ ઢોર ખાઇ ન જાય તે માટે મહાનગરપાલિકા દ્વારા વૃક્ષો રોપવામાં આવ્યા છે, તે સ્થળે તારની ફેન્સીંગ કરી આપવામાં આવશે, તેવું પણ જણાવ્યું હતું.

કલેકટરે હરિયાળું નગર બનાવવા માટે રોડ-રસ્તા, બિલ્ડીંગ, મેટ્રો રેલ પ્રોજેક્ટ, સ્માર્ટ સીટી અંતર્ગત થનાર કામો અને યુનિવર્સીટીના નિર્માણ કામોમાં કેટલા વૃક્ષો કાપવાના થાય છે. તેટલા વૃક્ષો ગાંધીનગર શહેરમાં જયા પણ ખુલ્લી જગ્યાઓ છે, ત્યાં વાવેતર કરવા સર્વે એજન્સીઓને છૂટ આપી છે.

તેમણે જે પ્લાન પર વિકાસ કામો હજુ શરૂ થયા નથી, તે પ્લાનમાં કેટલા વૃક્ષો કાપવાના થાય છે, જેમાંથી કેટલા વૃક્ષો બચાવી શકાય તેમ છે, તેનું સુચારૂ આયોજન કરી સંબંધિત અધિકારી-એજન્સીને અગ્રીમતાના ધોરણે રજૂ કરવા પણ સૂચના આપી હતી.

આ બેઠકમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી.એસ. દવે સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ અને સંબંધિત એજન્સીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

- ગિફ્ટસીટીમાં ભારતના પ્રથમ બુલિયન એક્સચેન્જનો પ્રાયોગિક પ્રારંભ કરાયો છે.
- ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતે હવે ગુજરાત ક્વિન ટ્રેન લંબાવવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસની કારોબારી બેઠક આજે પ્રથમવાર ડ્રેસ કોડ સાથે યોજાઈ હતી.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વોર્ડવાર મહિલા મોરચાના હોદ્દેદારોની નિયુક્તી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરના રાખડી બજારમાં જોઈએ તેટલી ઘરાકી જામી નહિ હોવાનું જોવા મળી રહ્યું છે.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં બસની સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ પ્રબળ બની રહી છે.
- નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે આજે કલેક્ટર અને કમિશનરો સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મનપા દ્વારા નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં મિલ્કતોના સર્વે માટેની તૈયારીઓ હાથ ધરી દીધી છે અને આજે આ અંગે બેઠક પણ યોજવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૨૨૩ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

શારીરિક શિક્ષણ વિભાગની રાસેયો દ્વારા ફિટ ઈન્ડિયા ફ્રીડમ રનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ફિટ ઈન્ડિયા મુવેમેંટ અંતર્ગત ફ્રીડમ રનનું આયોજન સાદરા ગામ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં સાદરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને સાદરા ગ્રામ પંચાયતના લોકો અને ગામના યુવાનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વર્ચુયલ માધ્યમથી ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી ભાગ લેવાવાળા વિદ્યાર્થીઓ અને લોકોને શુભેચ્છા આપી હતી અને ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકારી કુલસચિવ ડૉ. નિખિલભાઈ ભટ્ટ સાહેબ પણ પ્રસંગને ધ્યાનમાં રાખી વાત કરી હતી અને મુખ્ય અતિથિ તરીકે પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકર લીલી ઝંડી આપી દોડને પ્રસ્થાન આપ્યું હતું જ્યારે રાસેયોના સંયોજક ડૉ. અરૂણભાઈ ગાંધી પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ રેવાબહેન ધર્મસિંહ દેસાઈએ પણ લીલી ઝંડી આપી દોડ પ્રારંભ કરાવી હતી. અન્ય અતિથિ તરીકે પ્રાથમિક શાળાની આચાર્ય ડૉ. રંજનબેન પટેલ, ભલ્લુભાઈ દેસાઈ પ્રાથમિક શાળાના બધાજ શિક્ષકો, શારીરિક શિક્ષણ વિભાગના બધાજ સેવકોએ હાજર રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમના નેતૃત્વ ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ કર્યું હતું. કાર્યક્રમના આયોજનમાં વિશેષ ભૂમિકા ડૉ, નીરજ સિલાવટ, ડૉ. અરવિંદ રામી અને કુલદીપ રાબાની રહી હતી.

ચરાડા ગામે સહકારી આગેવાન સ્વ. બબાભાઈ ચૌધરીની ૧૧મી પુણ્યતિથીએ ભાવાંજલી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના ચરાડા ગામે માણસા તાલુકાના સહકારી આગેવાન સ્વ.બબાભાઈ ચૌધરીની ૧૧મી પુણ્યતિથિએ દૂધ ડેરી ખાતે મુખ્ય હોલમાં ભાવાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના જળ સંપત્તિ નિગમના પૂર્વ ચેરમેન ગણેશભાઈ ચૌધરી સહિત વિવિધ સહકારી આગેવાનો, દૂધ મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યો, દૂધ ઉત્પાદકો તેમજ ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ગણેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે દૂધ ક્રાંતિના કાર્યથી સ્વ. માનસિંહભાઈ તેમજ સ્વ.બબાભાઇ ચૌધરીએ ચરાડા ગામની હોવા જોઈએ તેમજ રાજ્ય સ્તરે નામના અપાવી છે, તેમના યોગદાનને ગ્રામજનો ભૂલી શકે તેમ નથી. આ પ્રસંગે દિપકભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે લોકતંત્રમાં જાહેર જીવનમાં મતભેદ હોઈ શકે પરંતુ મનભેદને કોઈ અવકાશ નથી, મનભેદથી સંસ્થા તેમજ સમાજને મોટું નુકશાન પહોંચી શકે છે તેથી સૌએ એક સંપ થઈ મહાનુભાવો સ્થાપેલી આ સંસ્થાના વિકાસ માટે અવિરત કાર્ય કરવું જોઈએ. તેમના જણાવ્યાં અનુસાર ચરાડા દૂધ ડેરીના સ્થાપક સ્વ.બબાભાઈ ચૌધરીએ ૧૯૬૦ના દાયકામાં પશુપાલકોને જે આત્મનિર્ભર બનાવવાનું સપનું સેવ્યું હતું જેના થકી જુના વિજાપુર તાલુકાના ૧૮ ગામોમાં દૂધ કેન્દ્રો ખોલી અમદાવાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘમાં દૂધ મોકલવાનું શરુ કરવાને કારણે સાચા અર્થમાં પશુપાલકો આત્મનિર્ભર બન્યા છે. સ્વ.માનસિંહભાઈ તેમજ સ્વ.બબાભાઈના કાર્ય પરથી પ્રેરણા લઈ મહેસાણામાં દૂધસાગર ડેરીની સ્થાપનાનું કાર્ય સરળ બન્યું હતું જેનો લાભ મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાના દૂધ ઉત્પાદકોને મળી રહ્યો છે.

વૃધ્ધાશ્રમના વડીલોની સેવાની 'એક પહલ'

આપણી આસપાસ અનેક સેવાભાવી સંસ્થાઓ પોતાના સેવા કાર્યો થકી સમાજનું ઋણ ઉતારતાં નજરે ચઢે છે. ગાંધીનગરની કલ્પતરુ પાવર ટ્રાન્સક્રિપ્શન કંપનીમાં કાર્યરત કેટલાક મિત્રો દ્વારા 'એક પહલ' નામ અંતર્ગત સમગ્ર વર્ષ દરમ્યાન આશરે પંદરેક જેટલા સેવા કાર્યો હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત તાજેતરમાં અવ્વલ ફાઉન્ડેશનના વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ ત્યાં આશ્રય લઈ રહેલા વડીલોની મુલાકાત લઇ તેમની સાથે સમય વિતાવ્યો હતો અને તેમની સેવા કરી હતી.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સાદરા સંકુલ ખાતે વાર્તાલાપ યોજાયો

ચિલોડા, તા. ૧૯

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત આઝાદી કા અમૃત

મહોત્સવ અંતર્ગત આઝાદીની ચળવળમાં મહિલાઓના યોગદાન વિશે વિદ્યાર્થીની નમ્રતા ભૂરિયાએ વાત કરી. આઝાદીના જંગમાં અનેક લોકોનું યોગદાન છે તેમાં મહિલાઓનું પણ યોગદાન છે. આઝાદીની ચળવળ દરમ્યાન મહિલાઓએ કરેલા કાર્યો તથા વિવિધ ચળવળમાં નેતૃત્વ પણ લીધેલ વગેરે બાબતો પર વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ.

"મેવા" દ્વારા આંખની તપાસ અને નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

"મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન" (મેવા) ગાંધીનગર દ્વારા ઈસ્લામિક કલ્ચરલ ઓફ સોસાયટીના સહયોગથી ૧૫ ઓગસ્ટ, રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો. આંખની તપાસ અને નિદાન કેમ્પનો કુલ-૧૨૫ નાગરીકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આંખના નિષ્ણાંત ડોકટર ભૌમિક રાવલ દ્વારા આંખની સંપૂર્ણ ફ્રી તપાસ, મોતિયો, વેલ, ઝામર, ક્ષારી, પડદાની તકલીફ વગેરેનું નિદાન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત નજીકના ચશ્મા અને જરુરી દવા-ટીપા રાહત દરે આપવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ ઉસ્માનખાન યુ.રાઠોડ અને સેક્રેટરી એમ.એ.સાબુવાલાની દેખરેખ હેઠળ વેક્સિન કેમ્પની આયોજન સમિતિના કન્વીનર યુનુસસલીમ એસ.સૈયદ અને સભ્યો દિલશાદભાઈ શેખ, મોહમ્મદ ઈઝાઝ અન્સારી, યુસુફભાઈ મનસુરી, રોશનશા ફકીર અને શહેનાઝબેન અન્સારી તેમજ મેવાના અન્ય સભ્યો દ્વારા કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય ટાર્ગેટ બોલ એસોસિએશનના પ્રમુખ પદે ડૉ. હિમાંશુ પટેલની વરણી

ગુજરાત રાજ્યમાં સ્કૂલ ગેમ્સમાં સમાવાયેલી નવી રમત ટાર્ગેટ બોલની એન્ટ્રી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્યમાં પ્રથમવાર ટાર્ગેટ બોલની નવી રમતની એન્ટ્રી થઈ છે. સ્કૂલ ગેમ્સ ઓફ ફેડરેશનમાં સમાવાયેલી આ ટાર્ગેટબોલ રમત માટે હવે ગુજરાતના ખેલાડીઓને પણ તક મળશે. જેમાં ગુજરાત રાજ્યમાં ટાર્ગેટ બોલ એસોસીએશન ઓફ ગુજરાતની રચના સાથે પ્રમુખ તરીકે સામાજિક અગ્રણી ડૉ. હિમાંશુ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં ટાર્ગેટ બોલ એસોસીએશન ઓફ ગુજરાતની રચના કરવામાં આવી છે. આ એસોસીએશનની કાર્યકારી સમિતીની પ્રથમ બેઠક ગાંધીનગર જિલ્લાનાં ઝુંડાલ ખાતે યોજાઈ હતી. જેમાં ટાર્ગેટ બોલ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રમુખ તરીકે સામાજિક અને સહકારી આગેવાન તેમજ જાણીતા

એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ સાથે ગુજરાત ખાતે પ્રથમવાર ટાર્ગેટ બોલની નવી રમતનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે યોજાયેલા ઉદ્ઘાટન સમારંભમાં રાજ્યમાં નવી રમત ટાર્ગેટ બોલનો પ્રારંભ કરાવતા ટાર્ગેટ બોલ એસોસિએશનના પ્રમુખ ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં પ્રથમવાર આ નવી રમતની શરૂઆત કરવામાં આવી છે. સ્કૂલ ગેમ્સ ઓફ ફેડરેશનમાં સમાવાયેલી આ ટાર્ગેટ બોલ રમત માટે હવે ગુજરાતના ખેલાડીઓને પણ તક મળશે. જેમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં એસોસિએશનના હોદ્દેદારોની નિમણુંક કરી શાળા કોલેજ કક્ષાએથી નવી રમતને પ્રોત્સાહન મળે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

માણસાના ઈટાદરા ગામ ખાતે બાલમંદિર અને પ્રિ-પ્રાયમરી સ્કૂલના (ઈંગ્લીશ મીડિયમ)ના નવનિર્મિત ભવનનું ઉદ્દઘાટન

ગાંધીનગર, તા. ૧૯

માણસા તાલુકાના ઈટાદરા ગામ ખાતે શેઠશ્રી સી.એલ. કેળવણી મંડળ સંચાલિત સંતોકબા કાળીદાસ પટેલ બાલમંદિર અને હીરાબેન કાન્તિલાલ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલના (ઈંગ્લીશન મીડિયમ)ના નવનિર્મિત ભવનનું ઉદ્દઘાટન આજરોજ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

નવી પેઢીની કેળવણી-સંસ્કારનું સિંચન કરવાનું કાર્ય શાળાઓ કરી રહી છે, તેવું કહી નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે શાળાઓની ભૌતિક સુવિધાઓ અને પ્રાથમિક સુવિધાઓને વધુ ઉત્તમ ગામના દાતાઓના દાનથી પ્રદાન થાય છે.વધુ ધનવાન લોકોએ સમાજ વિકાસ અને ગામના વિકાસ માટે હમેંશા મદદરૂપ થાય છે. દાતાઓની દાન કરવાની ભાવના થકી જ આજે સમાજમાં અનેક ગરીબ પરિવારોના દીકરા-દીકરીઓ સારૂ શિક્ષણ મેળવી રહી છે. ગામના વિકાસ કામો વધુ સરળ બની રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે કોરોનાની મહાબિમારી દરમિયાન પણ માણસા સિવીલ હોસ્પિટલ ખાતે દાતાઓના સહયોગથી ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો હતો. દેશ-વિદેશમાં રહી કે અન્ય શહેરમાં કામ-ધંધો કરી અનેક ધનવાન બનેલા લોકો પોતાના વતન પ્રત્યેનું ઋણ અદા કરવા આવા સેવાકીય કાર્યોમાં દાન આપવા અગ્રેસર રહે છે.

આ પ્રસંગે સંતોકબા કાળીદાસ પટેલ બાલ મંદિરના દાતાઓ અને હીરાબેન કાન્તિલાલ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલના દાતા સર્વે અરવિંદભાઈ પટેલ, રાજીવભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, રસિકભાઈ પટેલ ડૉ. જગદીશભાઈ પટેલ, ડી.ડી. પટેલ, સ્વ. શાંતાબેન ત્રિભોવનદાસ પટેલ, સ્વ. રમણલાલ નારણદાસ વૈધ, સ્વ. રમણભાઈ સોમાભાઈ પટેલ, જલધારાના દાતા મનુભાઈ પટેલ અને ભોજનદાતા ભાવેશભાઈ પટેલનું નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ તેમજ સમાજ અને ગામના અગ્રણીઓ, ઉધોગપતિઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં બે દિવસમાં બે બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં બાઈકચોર ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના નાગરીકોના વાહનો સલામત રહ્યા નથી. આંખના પલકારમાં ચોર શખ્સો બાઈક ચોરી ગાયબ થઈ જાય છે. વાહન ચેકીંગ અને પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. ત્યારે શહેરમાં સેકટર-૨૧ અને સેકટર-૬માંથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રવિકુમાર હસમુખભાઈ આહીર નિકોલ ખાતે રહે છે અને સેકટર-૨૧ આઈનોકસ મલ્ટીપ્લેકસમાં એક્ઝીકયુટીવ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. નોકરી પર આવવા જવા માટે તે જી.જે.૦૧.એન.આર.-૭૯૫૪ નંબરના બ્લેક કલરના પ્રેશન પ્રો નો ઉપયોગ કરતો હતો. ગતરોજ સવારે ૯ વાગે નોકરી પર આવી જતા આઈનોકસ મલ્ટીપ્લેકશની બાજુમાં રોડ સાઈડમાં બાઈક પાર્ક કર્યું હતું. જયારે ફરીયાદી સાંજના ૬ વાગ્યાના અરસામાં ઘરે જવા નીકળતા જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા જતા બાઈક મળી ન આવતા સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૬ ડી પ્લોટ નં. ૧૨૫૦-૧ ખાતે રહેતા અમિત ચંદ્રકાંત પટેલ (ઉં.૩૩) સેકટર-૧૯ રાજભવન ખાતે ઈલેકટ્રીક સુપરવાઈઝર તરીકે કરાર આધારીત બે વર્ષથી ફરજ બજાવે છે. અમિત ઘરે થી નોકરી આવન જાવન માટે નં. જી.જે.૧૮.ડી.એલ.-૪૫૭૫ એચએફ ડીલક્ષ બાઈકનો ઉપયોગ કરતો હતો. યુવકે ગતરોજ રાત્રીના ૧૧ વાગે ઘર પાસે બાઈક પાર્ક કરીને સુઈ ગયો હતો.જયારે સવારે ૭ વાગે નોકરી પર જવા માટે નીકળતા બાઈક જોયુ તો સ્થળ પર ન હતું. શહેરના કેટલાક વિસ્તારમાં શોધખોળ કરી હતી. પંરતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૫૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઓનલાઇન જાહેર નિવિદા નં.૫ સને ૨૦૨૧-૨૨

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિધુત પેટા વિભાગ નં-૧, પાટનગર યોજના ભવન, સેકટર નં-૧૬, બ્લોક નં-"એ" પ્રથમ માળ, ગાંધીનગર. ૩૮૨૦૧૬(ફોન નં.૨૩૨૫૯૪૪-૭૫) ધ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના કામના ૬ (છ) ટેન્ડર મંગાવવામાં આવે છે જેની અંદાજીત રકમ રૂ.૮૦૦૯૩.૦૦ થી ૯૮૮૬૭.૮૦ ની વચ્ચે છે.

જે માટે આવા કામનાં અનુભવી તેમજ વિધુત પરવાનો ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ:૨૬/૦૮/૨૦૨૧ (સમય ૧૬ કલાક) સુધી આપવામાં આવશે જ્યારે ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી/સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ:૦૪/૦૯/૨૦૨૧ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરવતાં ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂસંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણતરીમાં લેવામાં આવશે. એક અથવા બધા ભાવપત્રકો કોઈ પણ કારણો આપ્યા સિવાય રદ બાદતલ કરવાના સર્વે હક્ક આ કચેરીના અબાધિત રહેશે.

માહિતી/૮૯૫/૨૧-૨૨

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે ગામ - કુડાસણની સીમના ખાતા નં.૧૨૩૩ ના સર્વે નં.૨૮/૧ ની ૯૯૮૫ ચો.મી. જમીન પૈકી વણવહેચાયેલ સંયુક્ત સહમાલિકીની ૯૧૭૭ ચો.મી. જમીનના મુળ માલીકોએ તા.૧૯-૦૬-૨૦૧૭ ના રોજ નોટરી રજી.રૂબરૂ બાનાખત કરી આપી અવેજ સ્વીકારેલ. જે લગત મુદ્દત સમયમાં રજી.વેચાણ દસ્તાવેજ અમારા અસીલ ડાહ્યાજી ચુડાજી ઠાકોર, રહે.નભોઈ નાને કરી ના આપી સદરહું જમીન અન્ય ત્રાહિત વ્યક્તિઓને મુળમાલિકોએ વેચાણ કરતા અમારા અસીલે મૂળ માલિક તથા ત્રાહિત સામે રજી.વેચાણ દસ્તાવેજ રદબાતલ કરાવવા તથા રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેવા સ્પે.દિ.મુ.નં.૭૪/૧૯, ગાંધીનગરના પ્રિન્સીપાલ સીવીલ જજ (સીડી.) સાહેબશ્રીની કોર્ટમાં મૂળ માલિકો તથા ત્રાહિતો સામે દાખલ કરેલ છે. જે કેસ કાયદાકિય પ્રકિયા અંગે પેન્ડીંગ હોય દાવાના કામે મૂળ માલિકોએ અમારા અસીલને કરાર દાદ કરી આપેલ હોય જીલ્લા કલેક્ટરશ્રી સીબી/આરટીએસ/કુડાસણ/રીવી/નં.૪૨૮/૨૦ ના કામે પણ વેચાણ દસ્તાવેજ નોંધ નં.૧૦૯૩૨ પુનઃસ્થાપન કરતો હુકમ કરેલ છે. તેથી અન્ય ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, મંડળી કે બેંકે હક્ક હસ્તાંતર કરારો, લખાણો કરવા કરાવવા નહિ. તેમ છતાં આવા કરારો લખાણો અમલમાં મૂકાશે તો તે આથી રદબાતલ ગણાશે. અમારા અસીલનો સદરહું જમીનમાં અગ્ર હક્ક સમાયેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા.૧૩-૦૮-૨૦૨૧, સ્થળ : ગાંધીનગર.

અમારી મારફતે
અશ્વિન વી.ત્રિવેદી (એડવોકેટ એન્ડ સ્પે.પી.પી.)
એ-૩૦૭/૧૧, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કુડાસણ, ગાંધીનગર. મો.૯૮૨૫૪ ૫૦૧૯૧, ૭૭૭૮૦ ૫૦૧૯૧